બીલીમોરાના ઇતિહાસમાં એક સાથે અનેક દુકાન સળગી જવાની પ્રથમ ઘટના

બીલીમોરામાં છ દુકાન ભસ્મીભૂત

બીલીમોરા, ગણદેવી અને ચીખલીના ૭ ફાયર ફાઈટરોએ દોઢ કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો

બીલીમોરા : બીલીમોરા સ્ટેશન રોડ ઉપર બપોરે અચાનક આગ ફાટી નીકળતા છ દુકાનો લપેટમાં આવતા લાખો રૂપિયાનું નુકસાન પહોંચ્યું છે. આગ લાગવાનું કારણ હજી અંકબંધ છે. પણ બનાવ એટલો ભયાનક હતો કે બીલીમોરા ગણદેવી અને ચીખલીના સાત ફાયર ફાઈટરોએ દોઢ કલાકની જેહમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

શનિવારે બપોરે દોઢ વાગ્યે સ્ટેશન રોડ ઉપર આવેલી



કેરસી બારીયા

ગાદલા તકિયાની સમીર કોટન વર્ક્સની દુકાનમાં પ્રથમ આગ દેખાઈ હતી, ત્યારબાદ તેની આજુબાજુની બીજી પાંચ દુકાનોમાં આગ ઝડપભેર પ્રસરી જતા મેઈન રોડ ઉપર અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. આગ એટલી વિકરાળ હતી કે બીલીમોરા ગણદેવી અને ચીખલીના સાત જેટલા ફાયર ફાયટરોએ દોઢ કલાક સુધી પાણીનો સતત મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. સમીર કોટન વર્કસની સાથે પાચ જેટલી દુકાનોમાં આગ પ્રસરી જતા લાખો રૂપિયાનું નુકસાન પહોંચ્યાનો અંદાજ છે, જોકે નુકસાનીનો ખરો આંકડો હજી મળ્યો નથી. તે સાથે આગ કયા કારણસર લાગી એ પણ હાલ જાણી શકાયું નથી. પણ એક જાણકારી મુજબ શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી જે ઝડપભેર આજુબાજુની દુકાનમાં પ્રસરી ગઈ હતી. પોલીસે પણ સ્થળ પર તરત પહોંચીને રસ્તો બંધ કરી ટ્રાફિક સંચાલન કર્યું હતું. આગને પગલે ઘટના સ્થળે લોક ટોળા એકત્રિત થઈ ગયા હતા.

બે વર્ષ પહેલા ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં ત્રણ ભડથું થઇ ગયા હતા



બીલીમોરા : નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના દેવસર ગામની નજીક આવેલા જયપુર ગોલ્ડન ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં બે વર્ષ પહેલા ભીષણ આગની ઘટના સામે આવી હતી. જેમાં ટ્રાન્સપોર્ટના ગોડાઉનના મેનેજર સહિત ત્રણ લોકોના મોત થયા હતાં, જ્યારે ચાર લોકો ઘાયલ થતાં તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં.

આગની લપેટમાં આવેલી દુકાનો

(૧) આલ્ફા ફૂટવેર (૨) બાલાજી બેગ (૩) દિપક બેગ (૪) સમીર કોટન વર્કસ (૫) દિપક સાયકલ (૬) અન્ય એક દુકાન

સંક્ષિપ્ત સમાચાર

ઉમરગામના વકીલોએ ભાડા વિધેયક પરિપત્રની હોળી કરી વિરોધ નોંધાવ્યો


ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ બાર એસોસિએશન વકીલોએ ભાડા વિધેયક પરિપત્ર 2026 ની હોળી કરી વિરોધ નોંધાવ્યો છે અને સરકાર આ વિધેયક પાછું ખેંચે રદ કરે એવી માંગણી કરી હતી. ઉમરગામ બાર એસોસિએશનના વકીલોએ જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દ્વારા ભાડા વિધેયક 2026 લાવવામાં આવ્યો છે તેનો ગુજરાતના વકીલો વિરોધ કરી રહ્યા છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના માર્ગદર્શન હેઠળ આ વિધેયકની હોળી કરી પોતાનો વિરોધ નોંધાવ્યો છે સેક્શન 33 મુજબ સિવિલ કોર્ટમાંથી ન્યાય મેળવવાની જે જોગવાઈ હતી તે નાબૂદ કરીને રેવન્યુ અધિકારી કલેક્ટરને સત્તા આપતું વિધેયક લાવવામાં આવ્યું છે. આનાથી આમ જનતા અને વકીલોનું હિતોનું હનન થયું છે. આ ભાડા વિધેયક 2026 નો સખત વિરોધ કરીએ છીએ. આ વિધેયક પરત ખેંચવામાં આવે અથવા રદ કરવામાં આવે તેવી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની માંગણી છે.

વલસાડમાં ૨૧ વર્ષથી તાંબા ચોરીનો વોન્ટેડ આરોપી નાશિકથી ઝડપાયો



વલસાડ : વલસાડ તાલુકાના અટગામની એક કંપનીમાં નોકરી દરમિયાન સાથીદારો સાથે મળીને ૭૫ લાખ રૂપિયાની તાંબાની પ્લેટોની ચોરી કરી ૨૧ વર્ષથી નાસતા ફરતા આરોપીને વલસાડ લોકલ ક્રાઇમ બ્રાંચ (LCB) ની ટીમે મહારાષ્ટ્રના નાશિક ખાતેથી ઝડપી પાડ્યો છે. વર્ષ ૨૦૦૫માં વલસાડ સિટી પોલીસ મથકે ગુનો નોંધાયા બાદ આરોપી ફરાર થઈ ગયો હતો. LCB ના પોલીસ કર્મચારીને મળેલી બાતમીના આધારે પોલીસે નાશિકમાં દરોડો પાડી આરોપી છગનભાઇ ઉર્ફે છગનરામ હાજારામભાઇ પટેલને ઝડપી લીધો હતો. પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી આરોપીને આગળની તપાસ અર્થે વલસાડ સિટી પોલીસ મથકને સોંપ્યો છે.

વાપી ગીતાનગરથી ગાંજા સાથે ઈસમ ઝડપાયો

વાપી : વાપી ટાઉન પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, વલસાડ એસઓજી ટીમ વાપીના ગીતાનગર રિક્ષા સ્ટેન્ડ પાસે પેટ્રોલીંગમાં હતી, તે દરમિયાન એક શંકાસ્પદ ઈસમ નજરે પડ્યો હતો. પોલીસે તેની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ સંજય ઉર્ફે ડેવિલ આનંદ નાયક (ઉ. ૨૬, રહે. ઉમરગામ, મૂળ ઓરિસ્સા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની બેગની તલાશી લેતા સેલોટેપ વીંટાળેલા ત્રણ પાર્સલમાંથી ૨.૯૭૦ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની કિંમત આશરે રૂપિયા ૧,૪૮,૫ આંકવામાં આવી છે. પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ આ જથ્થો મુકુલ ગુપ્તાના કહેવાથી ઓરિસ્સાથી લાવ્યો હોવાનું કબૂલ્યું હતું. પોલીસે ગાંજાનો જથ્થો અને મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૧,૭૮,૫૦૦નો મુદ્દામાલ કબજે કરી સંજય નાયકની અટકાયત કરી છે અને અન્ય બે શખ્સોને વોન્ટેડ જાહેર કરી વાપી ટાઉન પોલીસ મથકે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

વાપીની જ્ઞાનધામ સ્કૂલમાં વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



વાપી : વાપીની શ્રીમતી સાન્દ્રાબેન શ્રોફ જ્ઞાનધામ સ્કૂલમાં ગુરુવારે વિદ્યાર્થીઓ માટે એક વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન શાળાના ઓડિટોરિયમમાં કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ, સર્જનાત્મકતા અને નવીનતાને પ્રોત્સાહન આપવાનો હતો. કાર્યક્રમમાં શાળાના ૯૭ વિદ્યાર્થીઓએ વ્યક્તિગત રીતે ભાગ લઈને વિજ્ઞાનના વિવિધ વિષયો પર આધારિત સ્ટેટિક (સ્થિર) અને વર્કિંગ (કાર્યરત) મોડેલ્સ રજૂ કર્યા હતા. ઉપલબ્ધ સાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને તૈયાર કરાયેલા આ મોડેલ્સે વિદ્યાર્થીઓની ઉત્કૃષ્ટ આયોજન ક્ષમતા અને સૂઝબૂઝનો પરિચય આપ્યો હતો. ઓડિટોરિયમમાં વર્ગવાર ફાળવવામાં આવેલા ટેબલ પર વિદ્યાર્થીઓએ પોતાના પ્રકલ્પ પ્રદર્શિત કર્યા હતા. ત્યારબાદ મોડેલ્સનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. મૂલ્યાંકન બાદ શાળાના તમામ વિદ્યાર્થીઓ અને વિષય શિક્ષકો માટે આ પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય પ્રવીણ સુબ્રમણિયને વૈજ્ઞાનિકોની સખત મહેનત અને સર્જનાત્મકતાને બિરદાવી હતી.

વાપી ડુંગરી ફળિયાની નદીમાં નાહવા પડેલા તરુણનું ડૂબી જવાથી મોત

વાપી : વાપીના ડુંગરી ફળિયા પાસેથી પસાર થતી નદીમાં ગઈકાલે સાંજના સમયે કેટલાક બાળમિત્રો નાહવા માટે ગયા હતા. આ દરમિયાન 13 વર્ષીય આદર્શકુમાર દીપક (રહે. ડુંગરી ફળિયા, આઝાદ નગર) અચાનક ઊંડા પાણીમાં ડૂબી ગયો હતો. બનાવની જાણ થતાં જ પરિવારજનો અને સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાની સાથે જ વાપી મહાનગરપાલિકાની ફાયર ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તરુણની શોધખોળ માટે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. જોકે, મોડી રાત સુધી પાણીમાં ડૂબેલા તરુણની કોઈ ભાળ મળી શકી ન હતી. બીજા દિવસે સવારે ફાયર ટીમે ફરીથી રેસ્ક્યુ કામગીરી શરૂ કરી હતી, જે દરમિયાન ભારે જહેમત બાદ તરુણનો મૃતદેહ નદીમાંથી મળી આવ્યો હતો. અચાનક બનેલી આ દુર્ઘટનાને કારણે મૃતક તરુણના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

દમણમાં ૧૨.૬ કિલો ગાંજા સાથે બે આરોપીઓની ધરપકડ

દમણ : સંઘપ્રદેશ દમણના મોટી દમણ કોસ્ટલ પોલીસ સ્ટેશને ડ્રગ્સ વિરોધી કાર્યવાહી અંતર્ગત આંતરરાજ્ય નશીલા પદાર્થોના નેટવર્કનો પર્દાફાશ કરી કુલ 12.607 કિલો ગાંજો જપ્ત કરી બે આરોપીઓની ધરપકડ કરી છે. 1 ઓક્ટોબર, 2026ના રોજ પટલારા, મોટી દમણ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન DD-03-Q-6502 નંબરના વાહનને અટકાવી તલાશી લેતા ડિક્કીમાંથી 2.597 કિલો ગાંજો મળી આવતાં પોલીસે અંકિત રાજકુમાર ગુપ્તાની ધરપકડ કરી હતી. આરોપીની પૂછપરછ દરમિયાન ગાંજાના સપ્લાયર અંગે મહત્વની માહિતી મળતાં પોલીસે સૂરભરાય સિંહ નામના અન્ય આરોપીની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ, બીજા આરોપીની પૂછપરછ દરમિયાન મળેલી માહિતીના આધારે ગુજરાતના વાપી ખાતે દરોડો પાડવામાં આવ્યો હતો, જ્યાંથી વધુ 10.010 કિલો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે બંને આરોપીઓ સામે કાર્યવાહી ઉપરાંત કલમ 29 હેઠળ ગુનાહિત કાવતરાની જોગવાઈ પણ લાગુ કરી છે.

ધરમપુર સબજેલના કર્મચારી સામે શોષણની ફરિયાદ

પીડિત મહિલાની વલસાડ એસપીને રજૂઆત કરી ગુનો નોંધવાની માંગ

વલસાડ : ધરમપુર તાલુકાના સાતવાકલ ગામની પરિણીત મહિલાએ ધરમપુર સબ જેલમાં ફરજ બજાવતા એક કર્મચારી સામે ગંભીર આરોપો સાથે વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષકને લેખિત અરજી આપી ન્યાયની માંગ કરી છે. મહિલાએ રજૂ કરેલી અરજી મુજબ, સોશિયલ મીડિયા મારફતે આરોપી સાથે તેની મિત્રતા થઈ હતી. આરોપીએ પોતે અપરિણીત હોવાનું કહી લગ્ન કરવાનો વિશ્વાસ અપાવ્યો હતો. ત્યારબાદ લગ્નની લાલચ આપી અગણિત સ્થળોએ લઈ જઈ શારીરિક સંબંધ બાંધ્યો હતો. મહિલાએ જ્યારે લગ્ન અંગે વાત કરી ત્યારે આરોપીએ તેને જાનથી મારી નાખવાની ધમકી આપી તેનો મોબાઈલ ફોન પણ છીનવી લીધો હતો. આ બાબતે મહિલાએ અગાઉ પણ પોલીસ કચેરીમાં અરજી કરી હતી, પરંતુ તેની ગેરહાજરીમાં જ અરજીનો નિકાલ કરી દેવામાં આવ્યો હોવાનો આક્ષેપ કર્યો છે.

વધુમાં, મહિલાએ પોતાની પરિસ્થિતિ અંગે એક ખાનગી વિડીયો આ આરોપીને મોકલ્યો હતો. આરોપીએ આ વિડીયો અન્ય વ્યક્તિને મોકલી આપ્યો હતો, જે વિડીયો સંમતિ વિના વાયરલ કરવામાં આવ્યો હોવાનો મહિલાએ આક્ષેપ કર્યો છે. પીડિત મહિલાએ વલસાડ SP સમક્ષ અરજીમાં આ મામલે ગુનો નોંધી યોગ્ય તથા નિષ્પક્ષ તપાસ કરવાની અને અગાઉની અરજી કયા આધારે નિકાલ કરવામાં આવી તેની તપાસ કરવાની માંગ કરી છે.

ડાંગના વનરક્ષક કર્મીઓએ આંદોલનની ચીમકી આપી

વેતન વિસંગતતા, સુરક્ષા ભથ્થા અને રજાઓના પ્રશ્નો મુદ્દે વનકર્મીઓ આક્રમક મૂડમાં

કાળી પટ્ટી ધારણ કરવાથી લઈને અચોક્કસ મુદતની હડતાળ સુધીના વિરોધ કાર્યક્રમોની જાહેરાત

સાપુતારા : ગુજરાત રાજ્ય વનરક્ષક કર્મચારી મંડળ (ડાંગ જિલ્લા યુનિટ) દ્વારા વનરક્ષક અને વનપાલ સંવર્ગના કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિકાલ માટે રજૂઆત કરવામાં આવી છે. કર્મચારીઓ પ્રતિકૂળ વાતાવરણ, અંતરિયાળ વિસ્તારો અને વન્યજીવોના જોખમો વચ્ચે ફરજ બજાવે છે. તેમ છતાં વહીવટી અને આર્થિક પ્રશ્નોનો ઉકેલ ન આવતા મંડળ દ્વારા આંદોલન કરવાનો નિર્ણય લેવાયો છે.

મંડળની મુખ્ય માંગણીઓમાં વનરક્ષક તથા વનપાલને સુરક્ષા અને સિક્યુરિટી એલાઉન્સ આપવું, રજાના દિવસે ફરજ બદલ વાર્ષિક ૪૮ દિવસની જગ્યાએ પૂરેપૂરી રજાઓ આપવી અને તેનું પગાર ધોરણ પોલીસ વિભાગ મુજબ કરવું, તેમજ વર્ગ-૪ના રોજમદારોની સરખામણીએ વનરક્ષકોને ઓછું વેતન મળવાની ગંભીર વિસંગતતા દૂર કરી પગાર માળખાની સમીક્ષા કરવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વનપાલની બંધ થયેલી ભરતી પુનઃ ચાલુ કરવી, નવી જગ્યાઓ ઊભી કરવી અને પડતર બદલીના પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ લાવવાની માંગ કરવામાં આવી છે.

ડાંગ જિલ્લા વનરક્ષક કર્મચારી મંડળના પ્રમુખ હકમાભાઈ કરમીજી ખરેડ, ઉપપ્રમુખ કમલેશભાઈ ચૌધરી, કિશોરભાઈ લાહુમોર, મહામંત્રી સુનિલભાઈ ગામીત અને ઋષિરાજસિંહ ડોડીયા સહિતના હોદ્દેદારોએ નાયબ વન સંરક્ષક (દક્ષિણ ડાંગ, આહવા) ને આવેદનપત્ર પાઠવી વિરોધ કાર્યક્રમોની જાણ કરી છે.

આંદોલનના ભાગરૂપે સરકારી કાર્યક્રમોમાં કાળી પટ્ટી ધારણ કરવી, પેન ડાઉન કાર્યક્રમ યોજવો, સરકારી વોટ્સએપ ગ્રુપમાંથી લેફ્ટ થઈ ઓનલાઈન કામગીરી તથા રેસ્ક્યૂ સિવાયની તમામ કામગીરી બંધ રાખવી, માસ સી.એલ. પર જવું અને અંતે અચોક્કસ મુદતની કાળી હડતાલ પર જવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ધરમપુરમાં 3 ભેંસને લઈ જતો આઇસર ટેમ્પો ઝડપાયો

ધરમપુર : ધરમપુર તાલુકાના બિલપુડી સડક ફળિયા નજીક આવધાથી ધરમપુર તરફ આવતા વળાંકવાળા રોડ પરથી પોલીસે રૂપિયા 6 લાખની કિંમતનો આઇસર ટેમ્પો તથા તેમાં લઈ જવાતી 3 ભેંસો મળી કુલ રૂપિયા 6.30 લાખનો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી કરી હોવાની માહિતી મળી છે. પોલીસના જણાવ્યા મુજબ, તા. 1 ઓક્ટોબરની રાત્રે આઇસર ટેમ્પો નંબર DD-01-H-9645માં ત્રણ ભેંસોને પૂરતી હલનચલનની જગ્યા વિના તથા દોરડાથી કથિત રીતે ક્રુરતાપૂર્વક બાંધીને લઈ જવામાં આવતી હતી. તેમજ પશુઓ માટે ઘાસચારો અને પાણીની સુવિધા પણ રાખવામાં આવી ન હોવાનો પોલીસનો આક્ષેપ છે. આ મામલે પોલીસે ટેમ્પો ચાલક ધરમપુરના કાનજી ફળિયામાં રહેતા લિયાકત ગુલહસન આલીસર (ઉ.આ. 33) સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

પારડી પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાંથી 'રૂપસુંદરી'નું રેસ્ક્યૂ



પારડી : પારડી પોલીસ સ્ટેશન કમ્પાઉન્ડમાં અત્યંત સુંદર અને દુર્લભ ગણાતો સાપ દેખાતા પોલીસ કર્મચારીઓ અને લોકોમાં ભારે કૂતુહલ સાથે ભયનો માહોલ સર્જાયો હતો. સાપ હોવાની જાણ થતાં જ જીવદયા પ્રમુખ અલી અન્સારી ફોન કરતા તેના કાર્યકરો ચાસીન મુલતાની સંપર્ક કરવામાં આવ્યો હતો. જીવદયા પ્રેમીઓની ટીમે પારડી પોલીસ સ્ટેશન દોડી આવી હતી. તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે આ બિનઝેરી અને અત્યંત શાંત સ્વભાવનો 'રૂપસુંદરી' પ્રજાતિનો સાપ છે. તેની સુંદર ત્વચા અને વિશિષ્ટ ભાતને કારણે તેને સ્થાનિક ભાષામાં 'રૂપસુંદરી' તરીકે ઓળખવામાં આવે છે. રેસ્ક્યૂ ટીમે સાપને સહીસલામત રીતે પકડી પાડ્યો હતો. રેસ્ક્યૂ કરાયેલા આ રૂપસુંદરી સાપનું પ્રાથમિક નિરીક્ષણ કર્યા બાદ, કુદરતી આવાસ એવા નજીકના સુરક્ષિત જંગલ વિસ્તારમાં મુક્ત (રિલીઝ) કરી દેવામાં આવ્યો છે.

સુથારપાડામાં સગીરાએ ફાંસો ખાઈ મોતને વ્હાલુ કર્યું

વલસાડ : કપરાડા તાલુકાના સુથારપાડામાં સગીરાએ પોતાના ઘરે છત ઉપરના લાકડાના દાંડા સાથે નાયલોનની દોરી બાંધી ફાંસો ખાઈ મોતને વ્હાલુ કર્યું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, સુથારપાડામાં રહેતી 16 વર્ષની સગીરાએ કોઈ અગમ્ય કારણોવશ ગત 1 ઓક્ટોબરે પોતાના ઘરના છતના લાકડા સાથે નાયલોનની દોરી વડે ફાંસો ખાઈ લેતા પરિવારજનોએ તાત્કાલિક 108મા સુથારપાડા સીએચસી લઈ ગયા હતા જ્યાં તબીબે તપાસ કરી મૃત જાહેર કરી હતી. વધુ તપાસ કપરાડા પોલીસ કરી રહી છે.

ડુંગરામાં ખોટી ઓળખ આપી ઘરમાં ઘૂસી ફોટા પાડતી મહિલા ઝડપાઈ

વાપી : ડુંગરા વિસ્તારમાં બુલેટ ટ્રેન સ્ટેશન પાસે રહેતા સતીશ લલાભાઈ મિસ્ત્રીના ઘરે ગત ૨ ઓક્ટોબરે બપોરે એક અજાણી મહિલા વગર પરવાનગી ઘૂસી આવી હતી. તેણે પૂજા પટેલ નામના યુવતી અંગે પૂછપરછ કરી નોકરીની તપાસ અર્થે આવ્યાનું જણાવી ઘરના ફોટા પાડ્યા હતા. મહિલાની શંકાસ્પદ હિલચાલ જણાઈ આવતા પરિવારજનોએ તેનો પીછો કરી ઓળખપત્ર માંગતા તે ગભરાઈ ગઈ હતી. આ બાબતે પરિવારે તુરંત ૧૧૨ નંબર પર ફોન કરી પોલીસને બોલાવી લીધી હતી. મહિલા કોઈ કંપનીમાં નોકરી કરતી ન હોવા છતાં ખોટી ઓળખ આપી ઘરના ફોટા પાડતી હોવાથી આ અંગે વાપી ડુંગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

વલસાડ-પારડીના વકીલોએ ભાડા અધિનિયમ બિલની હોળી કરી

સૈદ્ધિક રીતે કોર્ટ કાર્યવાહીથી અળગા રહી કોર્ટ પરિસર ગૂંજવ્યું



પારડી/વાપી : ગુજરાત સરકાર દ્વારા લાવવામાં આવી રહેલા પ્રસ્તાવિત 'ભાડા અધિનિયમ-૨૦૨૬' ના વિરોધમાં પારડી કોર્ટમાં વકીલોએ કોર્ટ કાર્યવાહીથી અળગા રહીને રોષ વ્યક્ત કર્યો છે. ગુજરાત સરકારના નવા 'ભાડા કરાર અધિનિયમ-૨૦૨૬' ના બિલની હોળી કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. વકીલોનું કહેવું છે કે, આ લડત કોઈ એક વકીલની નથી, પરંતુ સિનિયર અને જુનિયર વકીલોની સામૂહિક લડત છે. ખાસ કરીને જુનિયર વકીલોના ભવિષ્યને સીધી અસર કરતો આ મુદ્દો હોવાથી તમામ વકીલો એકજુટ થયા છે. કાર્યક્રમ દરમિયાન "વકીલ એકતા ઝિંદાબાદ" ના નારા સાથે સમગ્ર પરિસર ગૂંજી ઉઠ્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં સેક્રેટરી હિતેશ રમેશભાઈ પટેલ, સિનિયર વકીલ કીર્તિભાઈ રાજપૂત, ઉપપ્રમુખ શૈલેષ પ્રજાપતિ, એલ.આર. શ્વેતા રાણા, ભાર્ગવ પંડ્યા, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના રાકેશકુમાર પટેલ સહિતના વકીલમિત્રો ઉપસ્થિત રહ્યા હતા. વાપી કોર્ટના વકીલમિત્રોએ પણ સરકારના નિર્ણય સામે રોષ વ્યક્ત કર્યો હતો અને ભાડા અધિનિયમ બીલની હોળી કરી વિરોધ પ્રદર્શન કર્યો હતો.

તળાવની સીમા માપીને નિયમવિરુદ્ધના બાંધકામો દૂર કરવાની માંગ કરવામાં આવી

હાલર તળાવના ગેરકાયદે બાંધકામો સામે રજૂઆત

વલસાડ પાલિકાના અધ્યક્ષે કલેક્ટર અને પાલિકાના અધિકારી સમક્ષ લેખિત રજૂઆત કરી

વલસાડ : વલસાડ નગરપાલિકા વિસ્તારમાં આવેલા ઐતિહાસિક હાલર તળાવની હયાત સીમા અને નિયમાનુસાર 9 મીટરના માર્જિનનું રક્ષણ કરવા તેમજ વિસ્તારમાં થયેલા ગેરકાયદે બાંધકામોની સઘન તપાસ કરવા અંગે વલસાડ જિલ્લા કલેક્ટર અને નગરપાલિકાના મુખ્ય અધિકારી સમક્ષ એક વિસ્તૃત જાહેર હિતની રજૂઆત કરવામાં આવી છે. વલસાડ નગરપાલિકાની કાયદા સમિતિના અધ્યક્ષ અને ચૂંટાયેલા સભ્ય નિતેશ વશીએ આ સંદર્ભે લેખિત રજૂઆત કરી તાકીદે યોગ્ય પગલાં ભરવાની માંગ ઉઠાવી છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર, હાલર વિસ્તારના ટીપી નકશામાં સર્વે નંબર 418માં નેબરહુડ સેન્ટર, સર્વે નંબર 414માં સ્કૂલ ગ્રાઉન્ડ તથા સર્વે નંબર 413માં ગાર્ડન દર્શાવવામાં આવ્યું છે. આ વિગતો હકીકતમાં સ્થળ સ્થિતિ સાથે સુસંગત છે કે નહીં તેની સત્તાવાર માપણી અને તપાસ કરાવવી અત્યંત જરૂરી બની છે. તળાવની આસપાસ નવા બાંધકામો માટે જીડીસીઆર મુજબ 9 મીટર માર્જિન રાખવું અનિવાર્ય હોવા છતાં, સ્થળ પર ખરાઈ કર્યા વિના બાંધકામ મંજૂરી અપાઈ હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

નવી બાંધકામ મંજૂરી આપવા પર રોક લગાવવા માંગ

સરકારી અધિકારી મારફતે હાલર તળાવની હયાત સીમાની માપણી કરાવવામાં આવે. તળાવના 9 મીટર માર્જિનમાં થયેલા બાંધકામો અને મળેલી મંજૂરીઓની તપાસ કરી નિયમવિરુદ્ધના બાંધકામો દૂર કરવા ઉપરાંત, તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી વિવાદિત વિસ્તારમાં નવી બાંધકામ મંજૂરી આપવા પર રોક લગાવવા અરજદાર દ્વારા ભારપૂર્વક અપીલ કરવામાં આવી છે.

